ગુજરાતમિત્ર

# નવસારી-વલસાડ-વાપી

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૬.૦° સે. | ૨૩.૦° સે. |
| આહવા | ૩૯.૦° સે. | ૨૧.૦° સે. |
| વલસાડ | ૩૫.૦° સે. | ૨૩.૦° સે. |
| વાપી | ૩૫.૦° સે. | ૨૩.૦° સે. |




# નવસારીમાં ભાજપની યાદી બાદ રાજકીય હલચલ

**યાદી** જાહેર થયા બાદ સ્થાનિક સ્તરે થોડો ફેરફાર, કેટલાકને ટિકિટ ન મળતા નિરાશ

**આગામી** દિવસોમાં અન્ય પક્ષોની યાદી જાહેર થતાં નવસારીમાં ચૂંટણીનો માહોલ વધુ સ્પષ્ટ બનશે

નવસારી : શહેરમાં ચૂંટણીનો માહોલ હવે ધીમે ધીમે તેજ બની રહ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચાઓ બાદ ભારતીય જનતા પાર્ટીએ ઢળતી સાંજે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. દિવસ દરમિયાન સંભવિત ઉમેદવારોને સંપર્ક કરીને 'કમલમ' ખાતે બોલાવી જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરાવવામાં આવી હતી.

યાદી જાહેર થયા બાદ સ્થાનિક સ્તરે થોડો ફેરફાર જોવા મળી રહ્યો છે. કેટલાક કાર્યકરોમાં ટિકિટ ન મળતા નિરાશા જોવા મળી છે, જ્યારે થોડા કાર્યકરો કોંગ્રેસ તરફ વળ્યા હોવાના સંકેતો પણ મળી રહ્યા છે. જોકે, મોટાભાગે પક્ષ કાર્યકરો ચૂંટણી માટે સક્રિય બની રહ્યા છે. આ વખતે નવસારીમાં ચૂંટણી શાંતિપૂર્ણ પરંતુ રસપ્રદ બનવાની શક્યતા છે. આપે પણ પોતાની તૈયારીમાં લાગી છે. ભાજપે જાહેર કરેલી યાદીમાં નવા અને અનુભવી બંને પ્રકારના ઉમેદવારોને સ્થાન આપવાનો પ્રયાસ કર્યો છે. હવે પાર્ટી માટે મહત્વનું રહેશે કે તમામ કાર્યકરો સાથે મળી એકજુટ થઈ ચૂંટણીમાં આગળ વધે. આગામી દિવસોમાં અન્ય પક્ષોની યાદી જાહેર થતાં નવસારીમાં ચૂંટણીનો માહોલ વધુ સ્પષ્ટ અને સક્રિય બનશે.

## નવસારી મનપાની 13 વોર્ડની 52 બેઠકો માટે ભાજપના ઉમેદવારો

**વોર્ડ નં. 1**
જશુબેન રાઠોડ
કેયુરીબેન દેસાઈ
દિપકકુમાર પટેલ
આશિષ રાખોલીયા

**વોર્ડ નં. 2**
જયાબેન રાઠોડ
કૃતિકાબેન પાટીલ
રમેશભાઈ વાળા
અશોકભાઈ ધોરાજીયા

**વોર્ડ નં. 3**
રેખાબેન સાંડીશ
હર્ષિદાબેન ભાવસાર
મેવાભાઈ ચૌધરી
દિવ્યકાંત પનારા

**વોર્ડ નં. 4**
કલ્પનાબેન કહાર
નિતાબેન પટેલ
નિમેષભાઈ ગામીત
આસિફભાઈ બરોડાવાલા

**વોર્ડ નં. 5**
સંગીતાબેન રાઠોડ
મીનાક્ષીબેન નાયક
પરિમલકુમાર ટંડેલ
મુકેશભાઈ અગ્રવાલ

**વોર્ડ નં. 6**
રિતાબેન પટેલ
ઉર્વી શાહ
વિરેન્દ્ર પટેલ
બીપીન ધીમ્મર

**વોર્ડ નં. 7**
મિલી દેસાઈ
રોશની મિસ્ત્રી
રાકેશભાઈ પટેલ
રૂપેશકુમાર શાહ

**વોર્ડ નં. 8**
જ્યોત્સનાબેન પ્રજાપતિ
નીતુબેન શાહ
ઉર્વેશ દેસાઈ
નરેશકુમાર પુરોહિત

**વોર્ડ નં. 9**
ભારતી પટેલ
જુલીબેન લાખાણી
જયેશ રાઠોડ
ધર્મેશ પટેલ

**વોર્ડ નં. 10**
કિરણ બલ્લા
રેખાબેન ગિરાસે
સુનિલ લાંજેવાર
સુનિલ પાટીલ

**વોર્ડ નં. 11**
આરતીબેન ભરવાડ
હિરલ રાજપૂત
પરેશ ભારતીય
દિલીપસિંહ ભદોરીયા

**વોર્ડ નં. 12**
પ્રિયંકા પટેલ
જોમા ભરવાડ
રાકેશ પટેલ
રોશન વાલવાણી

**વોર્ડ નં. 13**
મધુબેન પટેલ
માધ્વી શેઠ
વિજય રાઠોડ
ભાવિન નાયક
---

ભાજપ સ્થિતિ કાબૂમાં નહીં લાવે, તો ચૂંટણીમાં નુકસાનની ભીતિ

# ડાંગ જિલ્લા ભાજપામાં આંતરિક બગાવતથી 'ઘરમાં જ અગ્નિકાંડ'

**જિ.પં.ની** 18 અને ત્રણેય તા.પં.ની 48 ટિકિટ વહેંચણીમાં ગોટાળાબાજીથી કાર્યકરોમાં રોષ

**કેટલાક** વિસ્તારોમાં 'પતિ સંગઠનમાં અને પત્ની ઉમેદવાર' જેવી રણનીતિની ચર્ચાથી વિવાદ

### ડાંગ ભાજપના યાદી વિલંબથી કાર્યકર્તાઓમાં અસંતોષ

સાપુતારા : ડાંગ જિલ્લાની રાજકીય પરિસ્થિતિમાં ભાજપા પક્ષમાં આંતરિક ખળભળાટ ઊભો થયો છે. શનિવારે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ નજીક હોવા છતાં, શુક્રવારે રાત્રિના ૮ વાગ્યા સુધી ભાજપા દ્વારા જિલ્લા પંચાયતની ૧૮ બેઠકો અને તાલુકા પંચાયતની ૪૮ બેઠકો માટે ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી નથી. જેના કારણે પક્ષના કાર્યકર્તાઓ અને ઉમેદવારોમાં અવઢવ અને અસંતોષનો માહોલ સર્જાયો છે. પાર્ટીના કેટલાક કદાવર નેતાઓની ટિકિટ કપાઈ જવાની શક્યતા હોવાને કારણે આંતરિક અસંતોષ વધ્યો છે. સાથે જ, ચૂંટણી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરનાર નેતાઓ પરિસ્થિતિનાં તાગ વગર રિપોર્ટ કરતા, સ્થિતિ વધુ જટિલ બનતી દેખાઈ રહી છે. યાદી જાહેર કરવામાં થયેલા વિલંબને કારણે પક્ષમાં બળવાના એંધાણો પણ સાંભળવા મળી રહ્યા છે. ઘણા કાર્યકર્તાઓએ પોતાની નિરાશા વ્યક્ત કરી છે.

સાપુતારા : ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા જ ભાજપામાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. ડાંગ જિલ્લા પંચાયતની 18 સીટો અને ત્રણેય તાલુકા પંચાયતની 48 ટિકિટ વહેંચણીમાં થયેલી ગોટાળાબાજી, અસ્પષ્ટતા અને જમીનસ્તરની હકીકતોને અવગણતા લેવાયેલા નિર્ણયો કારણે પાયાનાં કાર્યકરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

વિશ્વની સૌથી મોટી પાર્ટી હોવાનો દાવો કરતી ભાજપા ડાંગ જિલ્લામાં પોતાની જ નીતિઓનાં ભાર નીચે દબાતી દેખાઈ રહી છે. ભાજપા પાર્ટીના વર્ષોથી સમર્પિત અને પ્રભાવશાળી નેતાઓને ટિકિટ ન આપતા સંગઠનમાં ભડકો થયો છે. ડાંગ ભાજપાનાં કદાવર ચહેરાઓની અવગણનાએ કાર્યકરોમાં અસંતોષને ઉશ્કેર્યો છે. આવા અનેક સ્થળોએ બગાવતી સ્વર સ્પષ્ટ સંભળાઈ રહ્યો છે અને અસંતુષ્ટ કાર્યકરો સ્વતંત્ર ઉમેદવારી નોંધાવવા તૈયાર થઈ રહ્યા હોવાના સંકેતો મળી રહ્યા છે. ગુજરાત પ્રદેશ ભાજપા પાર્ટી દ્વારા લાગુ કરાયેલા નિયમો-ત્રણ વખત ચૂંટણી લડેલા નેતાઓ અને 60 વર્ષથી વધુ ઉંમરના દાવેદારોને ટિકિટ ન આપવાના માપદંડ-સ્થાનિક કાર્યકરો માટે અસ્વીકાર્ય અને વેધક બની રહ્યા છે.

આ નિર્ણયો જમીનસ્તરની રાજકીય હકીકતોને અવગણીને લેવાયા હોવાનું માનવામાં આવી રહ્યુ છે. પરિણામે જૂથવાદ અને આંતરિક ખેંચતાણ વધુ ઊંડું બન્યુ છે. આ ઉપરાંત, કેટલાક વિસ્તારોમાં 'પતિ સંગઠનમાં અને પત્ની ઉમેદવાર' જેવી રણનીતિ અપનાવાઈ રહી હોવાની ચર્ચાએ વધુ વિવાદ ઊભો કર્યો છે. મૂળ આદિવાસી ઉમેદવારોને કોરાણે મૂકાતા અસંતોષમાં વધારો થયો છે, જે પક્ષ માટે ગંભીર ચેતવણી સમાન છે. ભાજપાની આ આંતરિક અશાંતિનો સીધો ફાયદો કોંગ્રેસને મળતો જોવા મળી રહ્યો છે. હાલમાં કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ છે. અને તેઓ ભાજપાની ખામીઓનો લાભ લઈ મજબૂત પ્રદર્શન કરવા સક્રિય બન્યા છે. રાજકીય વિશ્લેષકો માને છે કે જો ભાજપા તાત્કાલિક સ્થિતિ કાબૂમાં નહીં લાવે, તો આવનારી ચૂંટણીમાં ભારે નુકસાન અનિવાર્ય બની શકે છે. ડાંગ જિલ્લાના રાજકીય પરિપ્રેક્ષ્યમાં ભૂતકાળમાં પણ આવા ઉદાહરણો જોવા મળ્યા છે કે જ્યાં ભાજપાના નેતૃત્વ હોવા છતાં ટેકો કોંગ્રેસ તરફ વળ્યો હતો. હાલની પરિસ્થિતિ એ જ દિશામાં આગળ વધતી દેખાઈ રહી છે. હાલમાં ભાજપા માટે આ સ્થિતિ 'ઘરનું જ અગ્નિકાંડ' સાબિત થઈ શકે છે, આગામી દિવસોમાં ડાંગની રાજનીતિમાં નવા સમીકરણો ઊભા થવાના સંકેતો સ્પષ્ટ જોવા મળી રહ્યા છે. ભાજપા માટે હવે સમય ખૂબ જ સંવેદનશીલ છે નહીંતર 'ભૂકંપ' જેવી સ્થિતિ ચૂંટણી પરિણામોમાં સ્પષ્ટ રીતે જોવા મળી શકે છે.



નિલેશ કાપડિયા

# વાંસદા કોંગ્રેસના તા.પં.ના ૨૮-જિ.પં.ત ૭ ના ફોર્મ ભરાયા

વાંસદા : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બ્યુગલ વાગતા ચૂંટણી માહોલનો ગરમાવો ચાલુ થઈ ગયો છે, ત્યારે ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં વાંસદા ખાતે ૨૮ તાલુકા પંચાયત અને ૭ જિલ્લા પંચાયતના સભ્યોના ફોર્મ વાંસદા તાલુકા કચેરી ખાતે ભરાયા હતા. વાંસદામાં ચૂંટણી જાહેર થતાં એની ઝાંખી થવા લાગી છે. ત્યારે વાંસદા - ચીખલીના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિ દ્વારા ૨૮ તાલુકા પંચાયતના સભ્યો અને ૭ જિલ્લા પંચાયતના સભ્યોના ઉમેદવારી પત્રો ભરવા માટે તા. ૧૦/૦૪/૨૦૨૬ ના રોજ વાંસદા કુકણા સમાજ ભવનથી આદિવાસી વાજિંત્રો તુર અને ઢોલ વગાડતા રેલી કાઢીને હજારોની જનમેદની સાથે ૩૫ જેટલા ઉમેદવારોને સાથે રાખીને અને કેટલીક સીટો પર ડમી ઉમેદવાર એમ બે ઉમેદવારને સાથે રાખીને ઉમેદવારી પત્રો ભર્યા હતા. આવતીકાલે આ ઉમેદવારી પત્રોને મેન્ડેટ આપવામાં આવશે.

# વઘઇ જિ.પં.ની 6- તાલુકાની 16 બેઠક પર કોંગ્રેસનું શક્તિ પ્રદર્શન



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકા પંચાયતની તમામ 16 બેઠકો તથા જિલ્લા પંચાયતની 06 બેઠકો માટે કોંગ્રેસ પક્ષના ઉમેદવારોએ આજે ઢોલ-નગારાના તાલ સાથે ભવ્ય રીતે ઉમેદવારી પત્રો ભર્યા હતા. ઉમેદવારો સાથે મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો જોડાતા સમગ્ર વિસ્તારમાં ચૂંટણીનો માહોલ ગરમાયો હતો. ઉમેદવારો ફોર્મ ભરવા પહોંચે તે પહેલા જ નગરમાં ઢોલ-નગારા સાથે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રેલી દરમિયાન કોંગ્રેસના કાર્યકરો દ્વારા જોરદાર નારા લગાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો ગૌતમ પટેલ અને પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવિત તેમજ કોંગ્રેસ પ્રમુખ સ્નેહલ ઠાકરે જણાવ્યુ હતુ કે, તમામ બેઠકો પર કોંગ્રેસ ચૂંટણી લડી રહી છે.

# મહિલાઓના ફોટા અશ્લીલ બનાવી વાયરલ કરનાર ઝડપાયો

**ફેક** ઇન્સ્ટાગ્રામ આઈડી બનાવી સામાન્ય ફોટાને 'ફેસ સ્વેપ' એપ્લિકેશન દ્વારા અશ્લીલ રૂપ આપીને વાયરલ કરાયા હતા



નવસારીઃ સોશિયલ મીડિયા પર ટેક્નોલોજીનો ખતરનાક દુરુપયોગ કરીને મહિલાઓની ઈજ્જત સાથે ખેલ કરનાર એક વિકૃત માનસિકતાવાળો યુવક આખરે જલાલપોર પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી, મહિલાઓના સામાન્ય ફોટાને 'ફેસ સ્વેપ' એપ્લિકેશન દ્વારા અશ્લીલ રૂપ આપીને વાયરલ કરવાના કિસ્સાએ જિલ્લામાં ચકચાર મચાવી છે.

જલાલપોર વિસ્તારમાં રહેતી એક મહિલાની ફરિયાદ બાદ પોલીસે તાત્કાલિક સાયબર તપાસ શરૂ કરી હતી. ટેક્નિકલ એનાલિસિસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપી દિવ્યાંગ જશવંતભાઈ પટેલ (રહે. નવસારી, મૂળ વડોદરા) સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી મહિલાઓના ફોટા ડાઉનલોડ કરી, તેને ડિજિટલ રીતે ફેરફાર કરીને અશ્લીલ બનાવતો અને પછી ફેક આઈડી બનાવી મૂળ પ્રોફાઈલને ટેગ કરીને પોસ્ટ કરતો હતો.

આ રીતે તે મહિલાઓને સામાજિક રીતે બદનામ કરતો અને માનસિક ત્રાસ આપતો હતો. નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ જલાલપોર પી.આઈ. એલ.જી. રાઠોડ અને તેમની ટીમે સચોટ ટેક્નિકલ ટ્રેકિંગ દ્વારા આરોપીને પકડવામાં સફળતા મેળવી છે.

આ ઓપરેશનમાં અજયસિંહ, મહેશકુમાર અને પોપટભાઈ સહિતના પોલીસકર્મીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# વીજ કંપનીની કામગીરીથી નવસારીમાં 108 ટ્રાફિકમાં ફસાઈ

**'નવસારીના** કમિશનરની અચાનક એક્શન મોડમાં આવી વિકાસકામો પર કડક ચકાસણી કરી




નવસારી : શહેરના વિકાસને ઝડપ આપવા વચ્ચે હવે ગુણવત્તા અને વ્યવસ્થાને લઈને તંત્ર પણ એક્શન મોડમાં આવી ગયું છે. નવસારી-વિજલપોર મહાનગરપાલિકાના કમિશનર દેવ ચૌધરી દ્વારા ટાટા સ્કૂલ આસપાસ ચાલી રહેલા પ્રોજેક્ટ્સનું અચાનક નિરીક્ષણ કરતાં જ કામગીરીમાં ખળભળાટ મચી ગયો હતો.

સ્થળ પર પહોંચીને કમિશનરે કામની ગુણવત્તા અને ગતિ અંગે સખત વલણ અપનાવ્યું હતું. ઈજનેરો અને કોન્ટ્રાક્ટરોને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવામાં આવી કે કોઈપણ પ્રકારની બેદરકારી કે ઘટિયું કામ ચલાવી લેવામાં નહીં આવે. સમયમર્યાદામાં ઉચ્ચ ગુણવત્તા સાથે કામ પૂર્ણ કરવાનો આદેશ આપતા તેમણે જણાવ્યું કે નાગરિકોને સુવિધા મળે તે પ્રથમ પ્રાથમિકતા છે.

પરંતુ બીજી તરફ, રસ્તા પહોળા કરવાની કામગીરીને કારણે DGVCL દ્વારા વીજ પોલ ખસેડવાનું કામ દિવસ દરમિયાન ચાલી રહ્યું હોવાથી ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

ટાટા સ્કૂલ નજીક ભારે ટ્રાફિક જામ સર્જાતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. પરિસ્થિતિ એટલી વિકટ બની કે એક 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ પણ લાંબા સમય સુધી ટ્રાફિકમાં ફસાઈ રહી, જેને કારણે લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો. સ્થાનિકો હવે તંત્ર સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે કે વિકાસ સાથે સુવિધા પણ કેમ ન જળવાય? લોકોની માંગ છે કે આવી કામગીરી રાત્રિના સમયમાં કે ઓછા ટ્રાફિક દરમિયાન હાથ ધરવામાં આવે. હાલ વહીવટી તંત્ર ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે સક્રિય બન્યું છે, પરંતુ આ ઘટનાએ આયોજનની ખામી સામે સ્પષ્ટ આંગળી ઉઠાવી છે.

# માલેગામમાં અસામાજિકોએ લગાવેલી આગથી કેબલ બળી જતાં અંધારપટ્ટ



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગનાં માલેગામ વિસ્તારમાં અસામાજિક તત્વોએ જંગલ વિસ્તારમાં લગાડેલી આગના કારણે GEB નો 11 KV નો મુખ્ય વીજ કેબલ બળી જતાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જંગલમાં આગ લગાડવામાં આવતા સૂકા ઘાસ અને પવનના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગની જ્વાળાઓ જમીન પરથી પસાર થતા 11 KV ના મેન કેબલ સુધી પહોંચતાં, હજારો વોલ્ટનો પ્રવાહ વહન કરતો કેબલ ક્ષણોમાં જ પીગળી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ GEB ના સ્ટાફે દોડી મેન પાવર સપ્લાય તાત્કાલિક બંધ કરીને મોટી દુર્ઘટના ટાળી હતી. ભારે મહેનત બાદ જંગલમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો. આ વિકટ પરિસ્થિતિ અને ભારે તાપ છતા સ્ટાફે નવો કેબલ નાખવાની કામગીરી શરૂ કરી હતી.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સુરત સીટી રીજીયન-૨ : બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭

**શાખા સ્થળાંતર**

**ભીમપોર શાખા :-**
આથી અમારા ગ્રાહકોને જણાવવાનું કે અમને **૩૦ દિવસ પછી અમારી બેંક ઓફ બરોડા, ભીમપોર શાખા :** મોટા બજાર, ભીમપોર, સુરત ને વધુ સારી સેવા અને પર્યાપ્ત ખુલ્લી જગ્યા સાથે નવા સ્થળ પર સ્થળાંતર થઈ રહ્યું છે. જેનું **નવું સરનામું : ઘર નંબર ૧૬૮, ભીમપોર બસ સ્ટોપની સામે, સુલતાનાબાદ, ભીમપોર ગામ, તા. ચોર્યાસી, જી.સુરત -૩૯૫૫૫૦ છે.**
Email ID : PE.ROSURATCITY2@BANKOFBARODA.COM/ BHIMPO@BANKOFBARODA.CO.IN

**મેડિકલ કોલેજ શાખા :-**
આથી અમારા ગ્રાહકોને જણાવવાનું કે અમને **૩૦ દિવસ પછી અમારી બેંક ઓફ બરોડા, મેડિકલ કોલેજ શાખા :** કે અને એલ વોર્ડ બિલ્ડીંગ, ન્યુ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, મજૂરા ગેટ, સુરત -૩૯૫૦૦૧ ને વધુ સારી સેવા અને પર્યાપ્ત ખુલ્લી જગ્યા સાથે નવા સ્થળ પર સ્થળાંતર થઈ રહ્યું છે. જેનું **નવું સરનામું : એમઆઈસીયુ બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, ન્યુ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, મજૂરા ગેટ, સુરત -૩૯૫૦૦૧ છે.**
Email ID : PE.ROSURATCITY2@BANKOFBARODA.COM/ DBMEDI@BANKOFBARODA.CO.IN

તા. ૧૧/૦૪/૨૦૨૬
સ્થળ : સુરત
અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

केनरा बैंक Canara Bank A Govt. of India Undertaking
सिंडिकेट Syndicate
ગિરગામ શાખા, પી.બી. નંબર 3582, પ્રાર્થના સમાજ બિલ્ડીંગ, 160, રાજા રામ મોહન રોય રોડ, ગિરગામ, મુંબઈ-400004 ઇમેઇલ: cb0204@canarabank.com

**(સ્થાવર મિલકતો માટે હરાજી વેચાણ નોટિસ) વેચાણ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6) ની જોગવાઈ સાથે વાંચતા. આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી છે, જેનો કન્સ્ટ્રક્ટીવ કબજો કેનેરા બેંકની ગિરગામ શાખાના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ 29.04.2026 ના રોજ "As is where is", "As is what is", અને "Whatever there is" ના ધોરણે કરવામાં આવશે. આ વેચાણ દેવાદાર મેસર્સ દેવનંદન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, તેના ડાયરેક્ટર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ અને શ્રીમતી સવિતા નાગજીભાઈ પટેલ દ્વારા, અને જામીનદાર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ, શ્રીમતી સવિતા નાગજીભાઈ પટેલ અને મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડ પાસેથી, 09.04.2026 સુધીના રૂ. 8,82,66,977.34 (રૂપિયા આઠ કરોડ બ્યાંસી લાખ છાસઠ હજાર નવસો સિત્યોતેર અને પૈસા ચોત્રીસ ફક્ત) વત્તા 01.04.2026 થી વધુ વ્યાજ અને દાવા ખર્ચ અને અન્ય ચાર્જની વસૂલાત માટે કરવામાં આવશે.

સ્થાવર મિલકતની વિગત, અનામત કિંમત અને EMD રકમ નીચે મુજબ છે: (રકમ લાખમાં)

| લોટ નં. | ક્રમ નં. | મિલકતનું વર્ણન | અનામત કિંમત (રૂ.) | EMD |
|---|---|---|---|---|
| | 1 | ઓફિસ નંબર 1A ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628 | | |
| 1 | 2 | ઓફિસ નંબર 1B ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે મેસર્સ હેતલ ડાયમંડ્સ તેના ભાગીદાર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ દ્વારા ના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628 | 196.00 (RP for Sr no.1, 2, & 3 in one lot) | 19.60 |
| | 3 | ઓફિસ નંબર 1C ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ (મેસર્સ શિલ્પા જેમ્સના ભાગીદાર) અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628. | | |
| | | નોંધ: ઉપર દર્શાવેલ કોમર્શિયલ ઓફિસો 1A, 1B અને 1C એકસાથે જોડાયેલી છે. | | |
| 2 | 4 | શોપ નંબર 103 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 314.57 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 18.55 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 6.03 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950 | 7.00 | 0.70 |
| 3 | 5 | શોપ નંબર G-19 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 408.60 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 23.81 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.74 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373 | 14.80 | 1.48 |
| 4 | 6 | શોપ નંબર G-24 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.13 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 6.87 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373 | 13.50 | 1.35 |
| 5 | 7 | શોપ નંબર 101 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 727.60 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 43.33 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 14.09 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950 | 17.50 | 1.75 |
| 6 | 8 | શોપ નંબર G-25 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 22.32 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.26 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373 | 13.50 | 1.35 |
| 7 | 9 | શોપ નંબર G-03 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 412.48 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 23.78 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.73 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373 | 16.50 | 1.65 |
| 8 | 10 | શોપ નંબર 303 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 2265.38 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 129.69 ચોરસ મીટર છે, ત્રીજા માળ પર, નીચેની જમીનમાં 42.19 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950 | 34.50 | 3.45 |
| 9 | 11 | શોપ નંબર 303 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 2265.38 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 129.69 ચોરસ મીટર છે, ત્રીજા માળ પર, નીચેની જમીનમાં 42.19 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950 | 23.90 | 2.39 |
| 10 | 12 | શોપ નંબર 121 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 358.87 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.53 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 7.00 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950 | 7.20 | 0.72 |
| 11 | 13 | શોપ નંબર 206 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 476.65 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 28.21 ચોરસ મીટર છે, બીજા માળ પર, નીચેની જમીનમાં 9.17 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950 | 8.60 | 0.86 |
| 12 | 14 | શોપ નંબર 122 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 358.87 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.13 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 7.00 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950 | 7.20 | 0.72 |

અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) 29.04.2026 ના રોજ સવારે 9.30 AM પહેલા અથવા તે સમયે જમા કરાવવાની રહેશે.
મિલકતનું નિરીક્ષણ અધિકૃત અધિકારી સાથે પૂર્વ એપોઇન્ટમેન્ટ લઈને 24.04.2026 ના રોજ કેનેરા બેંક ગિરગામ શાખામાં સવારે 11.00 am થી સાંજના 4.00 pm વચ્ચે કરી શકાય છે.
બેંકની જાણકારી મુજબ ઉપરોક્ત મિલકત પર કોઈ જાણીતા બોજા (encumbrances) નથી. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને કોમન વેબ પોર્ટલ મેસર્સ PSB Alliance (Baanknet) માં આપેલી લિંક "E-Auction" જુઓ, સંપર્ક નંબર: 8291220220, 7046612345, 6354910172, 9892219848, 8160205051, ઇમેઇલ: supportBAANKNET@psballiance.com. અથવા વેબસાઇટ https://baanknet.com/, અથવા કેનેરા બેંકની વેબસાઇટ www.canarabank.com જુઓ, અથવા કોઈપણ કામકાજના દિવસે ઓફિસ કલાકો દરમિયાન મેનેજર કેનેરા બેંક ગિરગામ શાખાનો 8169845618/ 9410316322/ 8655918379/ 8527092652 પર સંપર્ક કરી શકો છો.

સહી/-
તારીખ: 09.04.2026
સ્થળ: મુંબઈ
અધિકૃત અધિકારી, કેનેરા બેંક